બાળવિજ્ઞાન પ્રસ્તુત

# પ્રાર્થના

## Telephone to God



# પ્રાર્થના
## Telephone to God



## - ત્રિમંત્ર -




**નમો વીતરાગાય**
**નમો અરિહંતાણં**
**નમો સિદ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવઝ્ઝાયાણં**
**નમો લોએ સવ્વસાહૂણં**
**એસો પંચ નમુક્કારો; સવ્વ પાવપ્પણાસણો**
**મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઈ મંગલં**
**ૐ નમો ભગવતે વાસુદેવાય**
**ૐ નમઃ શિવાય**
**જય સચ્ચિદાનંદ**



## સંપાદકીય

બાળક નાનું હોય ત્યારથી જ એને ભગવાનને પ્રાર્થના કરવાના સંસ્કાર મળે છે. 'હે ભગવાન, મને સદબુદ્ધિ આપજો. મને ડાહ્યો બનાવજો' આ એની સર્વ પ્રથમ પ્રાર્થના, જે એ માતા પાસેથી શીખે છે અને રોજ બોલતો થાય છે. રોજ બોલવાથી એને શ્રદ્ધા બેસતી જાય છે કે પ્રાર્થના ભગવાન સાંભળે જ. વાત તો સાચી જ છે. સાચા દિલથી કરેલી પ્રાર્થના ફળ આપે જ.

આવો જ અનુભવ આપણા આ મિત્રને થયો છે. રોકી રોય એનું નામ છે. ધીમે ધીમે તો 'ગૉડ' એના મિત્ર બની ગયા.

શું અનુભવ થયો ?

ના, ના. હું નહીં કહું. એના માટે તો તમારે આ પુસ્તક વાંચવું પડે.

તો માણો આ નવી વાત અને બનાવો તમે પણ ભગવાનને તમારા 'બેસ્ટ ફ્રેન્ડ'.


જય સચ્ચિદાનંદ


*પ્રકાશક:*
*મહાવિદેહ ફાઉન્ડેશન*
*૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ*
*ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.*
*ફોન: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮.*
E-mail: info@dadabhagwan.org
Website: www.dadabhagwan.org


©: All Rights Reserved – Mahavideh Foundation
Address as above


*મુદ્રક:*
*મહાવિદેહ ફાઉન્ડેશન*
*પાર્શ્વનાથ ચેમ્બર્સના ભોંયરામાં, નવી રિઝર્વ બેંક પાસે,*
*ઈન્કમટેક્ષ, અમદાવાદ – ૧૪. ગુજરાત, ભારત.*
*ફોન: (૦૭૯) ૨૭૫૪૨૯૬૪.*

*પ્રાપ્તિ સ્થાન:*
*ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ કલોલ હાઈવે,*
*અડાલજ, જી. ગાંધીનગર – ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.*
E-mail: balvignan@dadabhagwan.org
Available on online store :
https://store.dadabhagwan.org/
Website: kids.dadabhagwan.org
*પ્રથમ આવૃતિ: ૩૦૦૦ કોપી, નવેમ્બર ૨૦૧૫*
*મુલ્ય: ₹ ૪૫*



હાય, હલ્લો, હાઉ આર યુ ?
હું તમારો નવો ફ્રેન્ડ છું.
રોકી રોય મારુ નામ છે,
નવા ફ્રેન્ડસ બનાવવાનું મારું કામ છે.



ફ્રેન્ડ તો મારા ઘણા બધા છે,
પણ 'ગોડ' મારા બેસ્ટ ફ્રેન્ડ છે.
એમની સાથે હું વાતો કરું,
પ્રાર્થના કરીને એમને પૂછું.







એ પણ મને જવાબ આપે,
શક્તિ મારી વધારી આપે !

પ્રાર્થના મને કેવી રીતે જડી ?
આવો તમને એ વાત કરું પહેલેથી....

મને રોજ પ્રશ્ન થાય કે,
કેમ રોજ સ્કૂલમાં પ્રાર્થના થાય છે ?

જઈને મેં આ ટીચરને પૂછ્યું,
‘મેડમ, પ્રાર્થના એ છે શું ?’





ટીચર બોલ્યા, 'આપણાથી જે ન થતું હોય
કે આપણને જેમાં મદદ જોઈતી હોય,





તો ભગવાન પાસે એ માંગવું,
ભાવથી અને દિલથી કહેવું.

તો ભગવાનને એ પહોંચે છે,
આપણને એનું ફળ પણ મળે છે.'





છતાં મને સમજાતું ન હોતું,
ટીચરે કહ્યું, 'હું દાખલો આપું.

રોજ સવારે ઉઠી પ્રાર્થના કરવી,
'હે ભગવાન, કોઈને દુઃખ ન હો મારાથી.'


‘મેડમ, આવી પ્રાર્થનાથી શું થશે ?’
મેડમ બોલ્યા, ‘આપણને સાચે એવી શક્તિ મળશે.

***આપણે ‘ગુડ બૉય’ બની જઈશું,
તેથી આપણે બધાને ગમવા લાગશું.’***



'પ્રાર્થનાથી જે માંગીએ એ મળે ?' મેં પૂછ્યું,
'સાચા ભાવથી કહીએ તો ભગવાન માને બધું'





ત્યારે મને પ્રાર્થનાનું મહત્વ સમજાયું,
અને મેં પ્રાર્થના કરવાનું શરૂ કર્યું.


પછી તો રોજ હું પ્રાર્થના કરતો,
ભગવાન સાથે નવી નવી વાતો કરતો.
ભગવાન મને ગમવા લાગ્યા,
તેઓ મારા દિલમાં વસી ગયા.



એક દિવસ મને મન થયું,
એમના જેવા થવું છે એવું થયું.

પણ શું કરવું એમના જેવા થવા ?
અંતે હું બેઠો એમને પત્ર લખવા....





વ્હાલા ભગવાન,

દાદી રોજ મને તમારી વાર્તા કહે છે,
તેથી મને તમને મળવાનું મન થાય છે.

**મમ્મી કહે,**

જેમ ફોન પર કોઈની સાથે વાત કરી મળી શકાય,
તેમ પ્રાર્થના એ ભગવાનને ફોન લગાડ્યો કહેવાય.





પપ્પા કહે,
દિલથી કરેલી પ્રાર્થના ભગવાન તરત સાંભળે,
રાજી થઈને તેઓ જલદી જલદી આશીર્વાદ આપે.

દાદા કહે,
પ્રાર્થના કરવાથી એમના જેવા થવાય,
સૌને વ્હાલા લાગીએ એવા બનાય.



માટે હે વ્હાલા ભગવાન,
હું પ્રાર્થના કરું છું,
મને તમારા જેવો જ બનાવજો,
એટલું કહું છું.

આટલું કહી જોયું ભગવાન સામે,
તો
ભગવાન હસતા હતા જોઈ મારી સામે.
જાણે મને કહેતા હોય,
હું કહું એમ કરીશ ?
હું રાજી થઈશ,
જો તું બધા સાથે પ્રેમથી રહીશ.

મારા મોઢા પર પણ ‘સ્માઈલ’ આવી,
એમના જેવા થવાની ચાવી મળી.

મારી ખુશીનો કોઈ પાર ના રહ્યો,
ત્યારથી હું બધા સાથે હળીમળીને
રહેવા લાગ્યો....






પણ હું વારે વારે જૂઠું બોલતો,
અને કોઈનું કંઈ લઈ લેતો.

કોઈ મને વઢતું તો કોઈ મને મારતું,
કોઈ મમ્મી-પપ્પાને ફરિયાદ પણ કરતું.

બધા મારાથી નારાજ રહેતા,
મમ્મી-પપ્પા પણ મારાથી કંટાળ્યા.



મને કેમ સમજાવવો, સમજ ન પડતી,
દાદીને અચાનક એક રીત જડી.

એમણે મને પાસે બોલાવ્યો,
પ્રેમથી માથે હાથ ફેરવ્યો.
'બધા વઢે, એ ગમે છે તને ?' પૂછ્યું,
માથું હલાવી મેં 'ના' પાડી.




‘પણ શું કરું ? તમે જ કહો મને.’
દાદીએ કહ્યું, ‘પ્રાર્થના કર હવે.
ભગવાનને કહે કે આમાંથી છોડાવે,
બધા વઢે એવું નથી કરવું મારે.
શક્તિ આપો કે હું આવું ફરી ન કરું,
બધાને ગમું એવો ‘ગુડબોય’ બનું.’



મેં પૂછ્યું, 'દાદી, હું ભગવાનને કહું,
પણ ફરી આવું થાય તો હું શું કરું ?'

'તો તરત ભગવાનને 'સોરી' કહી દેજે,
ધીમે ધીમે તું 'ગુડબોય' થઈ જઈશ.' દાદી કહે.




દાદીની વાત મને ગમી ગઈ,
શિરાની જેમ મારા ગળે ઉતરી ગઈ.
*ખરાબ ટેવમાંથી છૂટવા પ્રાર્થના કરાય,*
આજે જાણ્યું કે ભગવાનને આવું પણ કહેવાય.



એમના કહેવા પ્રમાણે મેં શરૂ કરી દીધું,
પછી તો જાણે જાદુ થઈ ગયું.

જૂઠું બોલાય કે કોઈનું કંઈ લેવાય,
તો તરત પ્રાર્થના મને યાદ આવી જાય.









એટલે તરત હું સાચું કહી દઉં,
અને સાથે સાથે 'સોરી' પણ કહી દઉં.

બધા મને 'ગુડબોય' કહેવા લાગ્યા,
'થેન્ક યુ વેરી મચ ટુ પ્રાર્થના.'



મમ્મીને પણ એ ગમવા લાગ્યું,
તેઓ રોજ મને શીખવાડે નવું નવું.





કહે, 'બધાને મદદ કરવાની અને
આપણી પાસે હોય એ બધાને આપવાનું.'

મારી પાસે એક રંગીન રબર હતું,
'મીકી માઉસ'વાળું એનું મોઢું હતું.

એક દિવસ જોનીએ એ માંગ્યું,
એને આપવાનું મને મન ન થયું.





ત્યાં તો મમ્મીની વાત મને યાદ આવી,
એટલે મેં એને આપ્યું કંપાસમાંથી કાઢી.


થોડીવાર પછી જ્યારે હું એ પાછું લેવા ગયો,
‘રબર ખોવાઈ ગયું’, કહી એ ચૂપચાપ ઊભો રહ્યો.



મને એના પર ખૂબ ગુસ્સો આવ્યો,
જેમ તેમ બોલી એને મારી આવ્યો.

એને ઘણું વાગ્યું, એ રડવા લાગ્યો,
મારી સાથે 'કીટ્ટા' કરી એ જવા લાગ્યો.





મેં એને મનાવ્યો અને 'સોરી' કહ્યું,
પણ એ ન માન્યો, હવે શું કરવું ?

ઘરે જઈને મેં મમ્મીને પૂછ્યું,
'મેં આવું કર્યું, હવે શું કરું ?'


મમ્મી કહે,
*‘એની અંદર પણ ભગવાન બેઠાં છે;*
પ્રાર્થના કર એમને યાદ કરીને.’
કહી દે, ‘મારી ભૂલ થઈ ગઈ;
માફ કરો, આવું નહીં કરું હવેથી.

આવું કરવાથી પ્રાર્થના પહોંચી જશે ભગવાનને.
પછી ચિંતા કરવાની જરૂર નથી તારે.’




તરત મેં એની અંદર બેઠેલા ભગવાનને
પ્રાર્થના કરીને સૂઈ ગયો રાત્રે,

બીજા દિવસે સ્કૂલમાં મારી પાસે આવી,
સામેથી એણે 'સ્માઈલ' આપી, મને મજા પડી.




એક વાર મેં મમ્મીને કહ્યું જઈને,
'મમ્મી, મમ્મી, ટીનુને પેટમાં બહુ દુઃખે છે.

ડોક્ટરો દવા આપે,
એના મમ્મી એનું ધ્યાન રાખે.
તો પણ એ બૂમાબૂમ કરે,
પેટમાં દુઃખે, પેટમાં દુઃખે.'




મમ્મીએ પૂછ્યું, 'પછી તે શું કર્યું ?'
મેં કહ્યું, 'હું તો આવી ગયો, હું શું કરું ?'
મમ્મીએ કહ્યું, 'હાથ ન ફેરવ્યો તે એના માથે ?
કહ્યું નહીં કે મટી જશે, રડ નહીં હવે.'

'ના,' મને થયું, 'આમાં મારાથી શું થઈ શકે ?'
મમ્મીએ કહ્યું, 'તું એના માટે પ્રાર્થના કરી શકે.'



‘પ્રાર્થના આપણે બીજા માટે પણ કરી શકીએ.’
કેવી રીતે કરાય ?’ મેં પૂછ્યું મમ્મીને.
મમ્મી કહે, ‘એની અંદર બેઠેલા ભગવાનને કહે,
કે ટીનુને જલદી મટી જાય એવી કૃપા કરે...



દુઃખાવામાં શાંતિ રાખી શકે,
એવી એને શક્તિ મળે.
રડવા કરતા એ પણ તમને યાદ કરે,
જેથી જલદી મટે.
આમ પ્રાર્થના કરવાથી એને બળ મળશે,
અને જલદી જલદી એ સાજો થઈ જશે.'



મમ્મીની વાત મને ગમી ગઈ,
અને મારી પ્રાર્થના શરૂ થઈ.

સાંજે હું ફરી એની પાસે ગયો,
મને નવાઈ લાગી, એ હસતો હતો.
આજે મને સમજાયું, આવું પણ થાય,
*પ્રાર્થના પોતા માટે જ નહીં;*
*બીજા માટે પણ કરાય.*





ભણવાનો મને બહુ કંટાળો આવે,
એ.બી.સી.ડી. મને યાદ ન રહે.




એક દિવસ મેં પૂછ્યું મેડમને,
'શું ભગવાન યાદશક્તિ વધારી આપે ?'

મેડમે કહ્યું, 'હા,હા, જે માંગો એ આપે.'
*પ્રાર્થના કરજે કે, જે ભણું એ મને યાદ રહે.*



પછી તો રોજ ભણતા પહેલાં,
ભૂલ્યા વગર હું કરતો પ્રાર્થના.
યાદશક્તિ મારી વધવા લાગી,
પ્રાર્થના...તે તો કમાલ કરી...!



## બોલો,

ભગવાન મારા 'બેસ્ટ ફ્રેન્ડ' છે,
હવે તો તમે માનશો ને ?

તમારે પણ બનાવવા હોય તો
પ્રાર્થના શરૂ કરી દો ને !!!



# પ્રાર્થના

## Telephone to God






ISBN 978-93-82128-88-5

Printed in India

₹ 45